અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/ 7333 - 76
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.03/12/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ 2021-22 માં ધોરણ-9 થી 12ની શાળાકીય પરીક્ષા લેવા બાબત.
સંદર્ભ:- 1) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/4341-84, તા.08/09/2021
2) અત્રેની સિંગલ ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી.
3) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/7138-77, તા.29/11/2021

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેના સંદર્ભ-(1) દર્શિત પત્રથી શૈક્ષણિક વર્ષ-2021-22 માટે સરકારશ્રીની મંજૂરી અન્વયે શૈક્ષણિક વર્ષ 2020-21 માટે શૈક્ષણિક કેલેન્ડરની વિગતો અત્રેની કચેરી દ્વારા જાણ તથા અમલ સારું મોકલી આપવામાં આવેલ છે. સંદર્ભ-(2) અન્વયે શૈક્ષણિક વર્ષ 2021-22માં ધોરણ-9 થી 12ની પરીક્ષાની પ્રવર્તમાન પદ્ધતિમાં ફેરફાર કરવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. સરકારશ્રીના નિર્ણય અન્વયે સંદર્ભ-(3) દર્શિત અત્રેના પત્રથી શૈક્ષણિક વર્ષ 2021-22 માં ધોરણ-9 થી 12ની પરીક્ષા પદ્ધતિમાં કરવામાં આવેલ ફેરફાર અંગે વિગતવાર માહિતી તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ મારફતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણં તથા અમલ સારું મોકલી આપવામાં આવેલ છે.

અત્રેના સંદર્ભ (1) દર્શિત પત્રથી જણાવેલ હતું કે ધોરણ-9 થી 12ની પ્રથમ અને પ્રિલીમ/દ્વિતીય તેમજ 9 અને 11ની વાર્ષિક પરીક્ષા માટે નીચે મુજબના વિષયોના પ્રશ્નપત્રો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી મારફતે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મોકલી આપવામાં આવશે અને બાકીના વિષયોના પ્રશ્નપત્રો શાળા કક્ષાએથી / SVS કક્ષાએથી તૈયાર કરવાના રહેશે.

- ધોરણ 9 અને 10 : ગુજરાતી, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન
- ધોરણ 11 અને 12 : ગણિત, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન, અંગ્રેજી, નામાનાં મૂળતત્વો, વાણિજય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર

ઉપરોક્ત નિર્ણય અન્વયે શાળા સંચાલકો તરફથી મળેલ રજૂઆતો અન્વયે પ્રથમ પરીક્ષા માટે ઉક્ત નિર્ણયમાં ફેરફાર કરવામાં આવેલ હતો. જે મુજબ શાળાઓ બોર્ડના પ્રશ્નપત્રો દ્વારા પરીક્ષા લેવા માંગતી હોય અથવા પોતાની રીતે અલગથી પ્રશ્નપત્રો તૈયાર કરાવીને પરીક્ષા લેવા માંગતી હોય તો તેઓને બંનેમાંથી કોઇપણ એક વિકલ્પ પસંદ કરવાની છૂટ આપવામાં આવેલ હતી.

ઉક્ત વિગતે અત્રેની સીંગલ ફાઈલ પર સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અન્વયે શૈક્ષણિક વર્ષ 2021-22માં જાન્યુઆરી-2022માં લેવાનાર ધોરણ-9 થી 12ની બીજી પરીક્ષા/પ્રિલિમ પરીક્ષા તેમજ ધોરણ-9 અને 11ની એપ્રિલ-2022માં લેવાનાર વાર્ષિક પરીક્ષા માટેના પ્રશ્નપત્રો શાળા કક્ષાએથી/SVS કક્ષાએથી તૈયાર કરીને પરીક્ષા લેવાની રહેશે.

ઉક્ત તમામ વિગતો આપના તાબાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારું મોકલી આપશો.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના :-

- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ સારું)
- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (વિ.પ્ર./સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારું)
- પરીક્ષા સચિવશ્રી (SSC), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારું)